**<u>અમદાવાદ(ગ્રામ્ય)ના મે. આઠમાં એડી. સીવીલ જજ તથા જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. નવરંગપુરા, અમદાવાદ.</u>**

**<u>ફોજદારી કેસ નં. 7775/2025</u>**

**ફરિયાદીઃ** **શ્રી સરકાર**

વિરુધ્ધ

**આરોપીઃ** **ભારતીબેન ભરતભાઇ વાંસફોડીયા**

**<u>ગુન્હોઃ ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ) મુજબ</u>**

**:: ચુકાદો ::**

(૧) સદરહું કામના આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી તેઓ સામે પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઇએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઇ અંગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઇચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજુઆત સ્વેચ્છા પૂર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનમાં લઇ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: <u>હુ ક મ</u> ::-**

આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૫૨ અન્વયે ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ) ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને ગુજરાત પ્રોહી. એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા આરોપીને **રૂ. ૧૦૦/-(અંકે એક સો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે

આ હુકમ આજ રોજ તારીખ ૦૮મી, માહે માર્ચ સને ૨૦૨૫ નાં રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. - ૦૮/૦૩/૨૦૨૫

સ્થળ - અમદાવાદ

**(સી.કે.રાઠોડ)**

૮માં એડીશનલ સિવિલ જજ અને

જયુડી.મેજી.ફ.ક. અમદાવાદ(ગ્રામ્ય)